સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

જીએસટી આવક, ઝેરી ખાંડ, પણ લાગે મીઠી,
ખૂશખૂશાલ વેપારી આલમને રડતી દીઠી
જીદ્દી નાણામંત્રીના દુરાગ્રહે ઉઠી છે બજાર -
પ્રચાર-ભેંસની ચામડી પર લગાડી છે પીઠી

હાઈકુ

ઉકળે લાવા,
બર્ફની શીલા નીચે -
'ડાલ-લેક'માં
(પક્ષીય કાવાદાવા)

પીંખે શાંતિને
કરી જાય કોડિયો -
સત્તા ના વરુ
(સત્તાની તડજોડ)

ચિંતન

અશ્વમેધસહસ્રા ચ સત્યં ચ તુલયા ધૃતમ્ ।
અશ્વમેધ સહસ્રાદ્ધિ સત્યમેવ વિશિષ્યતે ॥

ઉપરોક્ત શ્લોક અધ્યાત્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

હજાર અશ્વમેધ યજ્ઞ અને સત્યની તુલના કરવામાં આવે તો સત્ય જ અધિક રહેશે.

આમ સત્ય યજ્ઞો, વેદાભ્યાસ અને વેદના કંઠસ્થ જ્ઞાન કરતાં પણ શ્રેષ્ઠ છે. શાશ્વત આનંદ અને અમૃતત્વની પ્રાપ્તિ કરવા ઉત્સાહી સાધકે તો અસત્યના કોઈ પણ સ્વરુપનો ત્યાગ કરવાનો છે. ખુશામત પણ અસત્ય છે. દ્વિઅર્થી વિધાન પણ અસત્ય છે. કપટપૂર્ણ સત્ય એ નિષ્કૃષ્ટ પાપ છે. અફવા ફેલાવવી, લાંચ લેવી, દંભી વર્તણૂંક વગેરે અસત્યનાં જ રૂપો છે.

સત્યશીલતાનો ભંગ ન થાય તે માટે ઈશ્વરને પ્રાર્થના કરો. કૃતનિશ્ચયી બનો, જરૂર સફળ થશો. સત્યરૂપી અગ્નિમાં નિમ્ન સ્વભાવની અશુદ્ધિઓ લખી જાય છે. સત્ય સંસારના પ્રલોભનો સામે બળ આપે છે. કારણ કે 'પ્રલોભનનો અસત્ય છે' તેવું સત્યની ઉપાસનાથી સમજાય છે. સત્યની સાધના એટલે શાન્તમ્ શિવમ્ શુભમ્ સુંદરમ્ એવા પોતાના સ્વરુપનું દર્શન કરવાની સાધના.

સુવિચાર

- ભરોસે પે હી 'જિંદગી' ટીકી હૈ, વર્ના કૌન કહેતા હૈ 'ફિર મિલેંગે' - **જનકલ્યાણ**
- આજકાલના માણસો તો જુઓ, સવારમાં ઊઠી ચણ નાખે... પછી આખો દિવસ બીજાન કામમાં અડચણ નાખે - **હિરેન ભટ્ટ**
- 'મદદ' એ તો ખૂબ 'મોંઘી' ભેટ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રતિસ્પર્ધી બનજો, પ્રતિદ્વંદ્વી નહીં - **રીઝવાન**
- 'મને પહેલા કેમ કહ્યું નહીં' ને બદલે 'કંઈ પણ હોય - મને કહી દેવું' ? - **હંચલ ભચેચ**
- જ્ઞાનીને ગાળો દઈ અતિજ્ઞાની થવાવો મંત્ર વિશ્વની સર્વાધિક મૂર્ખતા છે - **હરિન્દ્ર દવે**
- આજનું ઔષધ : દહીમાં અજમો ભેળવીને ખાવાથી કબજિયાતની તકલીફ દૂર થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક વાર એક માણસ સંત પાસે ગયો. તેણે કહ્યું, 'આપ કહો છો કે કર્મ કરો, પરંતુ તેનો પ્રભાવ પોતાના પર પડવા ન દો, આ વાત મને સમજાતી નથી.' સંતે કહ્યું, 'આપ બજારમાં જાઓ અને ત્યાંથી ફણસ લેતા આવો.' અને ઘરેથી એક ચપ્પુ અને વાટકી ભરીને તેલ પણ લાવજો.' માણસ ફણસ, ચપ્પુ અને વાટકીમાં તેલ લાવ્યો એટલે સંતે કહ્યું, 'ચપ્પુથી ફણસને કાપો.' માણસે ફણસ કાપવા પ્રયત્ન કર્યો, તેમાંથી દૂધ નીકળ્યું દૂધ હાથ પર ચોંટ્યું અને ચપ્પુ પર પણ દૂધ લાગ્યું. આથી ફણસ કાપવાનું અનુકૂળ ન રહ્યું.' આ જોઈને સંતે કહ્યું, 'તમારા હાથ અને ચપ્પુ પાણીથી ધોઈ નાખો અને હવે તમારા હાથ પર તેલ લગાવો તથા ચપ્પુ પર પણ તેલ લગાવી ફણસને કાપો.' માણસે તેમ કર્યું. અને આ વખતે ફણસ સરળતાથી કપાઈ ગયું. તેલના કારણે હાથ અને ચપ્પુ દૂધ વાળા ન થયા.' સંતે કહ્યું, 'ભાઈ સંસારમાં આવી રીતે રહો, પરમાત્માનું ભક્તિરૂપી તેલ લગાવી કર્મ કરો. એવું દૂધ ચોંટશે નહીં એટલે કે કર્મ મનુષ્યને બંધનોમાંથી બાંધતું નથી.' મનુષ્ય માટે સર્વશ્રેષ્ઠ ઉપદેશ એ જ છે કે કર્મ કરે પણ ફળની આસક્તિથી વિમુખ થઈ જાય.

કાશ્મીર ઊકળી રહ્યું છે...

તંત્રીસ્થાનેથી...

બે વર્ષ પૂર્વે બુરહાન વાનીને ઠાર મારવાની ઘટના કાશ્મીરની સમસ્યાને વધુ ને વધુ ઘેરી બનાવતી રહી છે. વાની કાશ્મીરના આતંકવાદીઓ અને અલગતવાદીઓ માટે લોકનાયક બની ગયો છે. ભારતીય સેના ખીણમાં શાંતિ સ્થાપવા મથે છે પણ કાશ્મીરના યુવાનો ભારતીય સૈનિકો તથા પોલીસને દુશ્મન માની બેઠા છે. વારંવાર પથ્થરમારાની ઘટનાઓનું પુનરાવર્તન થતું રહ્યું છે. છેલ્લે નાછૂટકે સેનાએ ગોળીબાર કરવો પડ્યો જેમાં પ્રજાજનો શહીદ થયા છે. નાગરિકોની શહાદત આગમાં ઘી હોમવાની ગરજ સારે છે. રાજકીય પક્ષો પોતપોતાના સ્વાર્થી એજન્ડા લઈને બેઠા છે. એમને સત્તા સાથે જ મતલબ છે. સત્તા માટે સિદ્ધાંતોને કોરાણે મૂકવામાં ભારતીય જનતા પાર્ટીનો જોડો જડે એમ નથી. મહેબૂબા મુફતીની પીડીપી અલગતાવાદીઓ તરફ ફૂણું વલણ દાખવનારું પરિબળ છે તે સર્વવિદિત હતું. છતાં સત્તામાં ભાગીદારી કરવાની લાયમાં ભારતીય જનતા પાર્ટીએ એની સાથે મળીને સરકાર બનાવી હતી. કાળક્રમે પગ નીચેથી ધરતી સરી જતી લાગી અને પાણી છેક માથા લગી પહોંચી ગયાં ત્યારે સત્તા છોડવાનું નાટક કરીને મહેબૂબાથી અલગ પડતાં પણ વાર ન લગાડી. હવે પાછી તોડફોડની રાજનીતિ કરીને ભારતીય જનતા પાર્ટી જમ્મુ અને કાશ્મીરમાં સુવાંગ સત્તા હસ્તગત કરવા કોશિશ કરી રહી છે. અસંતુષ્ટ ધારાસભ્યો પીડીપીમાં પણ હોવાના. સત્તા મળતી હોય તો કેટલાક નેશનલ કોન્ફરન્સના અને કોંગ્રેસના ધારાસભ્યો પણ એની લાલચમાં ફસાવા તૈયાર થશે. ભાજપ અને અન્ય પાર્ટીઓના 'સક્ષમ' આગેવાનોને પક્ષપલટો કરાવી પોતાની શક્તિ વધારવી તે રાષ્ટ્રીય કાર્યક્રમ બની રહેલ છે. ગુજરાતમાં કુંવરજી બાવળીયાને એમની તમામ શરતો માન્ય રાખી ભાજપમાં ભેળવી દેવાયા એમ સજ્જાન લોન જેવા બળવાખોરોની સાથે સાંઠગાંઠ કરી કાશ્મીરમાં ભાજપની સરકાર રચવાનું અઘરું નથી. જો કે હાલ પૂરતાં જમ્મુ-કાશ્મીરના પ્રભારી ભાજપી નેતા રામ માધવ કાશ્મીરમાં આવું જોખમ ખેડવા કરતાં ધીમી ગતિએ આગળ વધવામાં શ્રેય માને છે અત્યારે તો કાશ્મીર લાવાની માફક ઊકળી રહ્યું છે. અમરનાથ યાત્રા પણ બુરહાન વાનીની બીજી વરસીના નિમિત્તે રોકી દેવાઈ છે. અલગતાવાદીઓ નેતાઓને કાં તો પકડી લેવાયા છે અથવા નજરકેદ કરાયા છે. કાશ્મીરના પ્રખર નેતા ડૉ. ફારુક અબ્દુલ્લા પણ હવે કેન્દ્ર સામે શિંગડાં ભરાવી ૩૭૦મી કલમના મુદ્દે અલગતાવાદીઓની જ ભાષા બોલવા લાગ્ય છે. કોંગ્રેસ કે ભાજપ - બે પૈકી એકેયનું ખીણમાં વજૂદ નથી. ત્યાં તો માત્ર અને માત્ર પ્રાદેશિક પાર્ટીઓ - પીડીપી અને નેશનલ કોન્ફરન્સની બોલબાલા છે. ૨૦૧૯ની ચૂંટણીને ધ્યાનમાં રાખી વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાશ્મીર સંદર્ભે કોઈ નિર્ણાયક પગલું ભરવાની હિંમત કરશે તો તે કાશ્મીર ભડકે બળવાના જોખમે જ કરી શકે એમ છે. પાકિસ્તાનની તમામ રાજકીય પાર્ટીઓ અને આર્મી માટે કયારેય નહોતી એટલી સાનુકૂળ સ્થિતિ કાશ્મીર મુદ્દે મોદી શાસન દરમિયાન સરજાઈ છે.

વિદેશમાં રહેતા પતિને ઈન્ટરનેટથી સમન્સની બજવણી થશે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતમાં લગ્ન કરી વિદેશ જઈ સ્થાઈ ગયા પછી પત્નીને ભુલી જનાર એનઆરઆઈ પતિને ભારતમાં ચાલતા કોઈપણ કોર્ટનું સમન્સ ઈન્ટરનેટ ઈ-મેલ, વોટસઅપ, ફેસબુક મેસેજન્સથી બજાવી શકાશે. મોટાભાગના મેરીરીયલ કેસોમાં એનઆરઆઈ પતિને સમન્ય નોટીસને વોરંટની બજાવણી ના થતા કેસો આગળ ચાલતા ન હતા અને ભારતીય પત્નીને ન્યાય મળતો ન હતો. દહેજ પ્રતિબંધીત ધારા, ભરણપોષણ અને મીલ્કતના પ્રશ્નો વણઉકેલ્યા રહેતા અને પત્ની પતિના અન્યાયનો ભોગ બનતી હતી પરંતુ ભારત સરકારના કાયદા મંત્રાલયે હવે ભારતીય પત્નીને ન્યાય અપાવવા માટે ઈનટરનેટના માધ્યમથી પતિને સમન્સ નોટીસ મોકલાવી શકાશે પતિ દ્વારા આ નોટીસનો સ્વીકાર કરતો માર્કો કોર્ટમાં રજુ કરવાથી પતિને નોટીસ બજી ગયેલ છે તેમ માનગી આગળની કાર્યવાહી કોર્ટ દ્વારા કરવામાં આવશે જો પતિ નામદાર કોર્ટમાં મુદતે પોતાના બચાવ માટે હાજર ના રહે તો કેસનો એકતરફી નિર્ણય જજ દ્વારા કરવામાં આવશે જે બન્ને તરફવાળાને બંધન કરતા અને અમલ કરતા રહેશે.

છેતરપીંડી આચરનારને પાઠ ભણાવવા ભારત સરકાર કટીબધ્ધ છે. ભારતીય પતિના વિરૂધ્ધ લુક આઉટ નોટીસ પણ પાઠવવામાં આવશે તેથી તે જેવો ભારતના કોઈપણ એરપોર્ટ ઉપર પગ મુકે તો ઈમીગ્રેશનમાં જ પકડી શકાય આવા ભારતીય એનઆરઆઈના પાસપોર્ટ વિઝા રદ કરવાની પણ કાર્યવાહી કરવામાં આવશે.

મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગ દ્વારા કાનૂન મંત્રાલય સાથે આ અંગે કાયદો ઘડવામાં આખરી ઓપ અપાઈ રહ્યો છે. ભારતમાં લાખો સ્ત્રીઓ છતા પતિએ વિધવા જેવું જીવન જીવે છે અને પતિ વિદેશમાં બીજી સ્ત્રી સાથે લહેરથી રહે છે. ભારતીય પત્નીના ભરણપોષણ કે ખાધા ખોરાકીની દરકાર શુધ્ધા આવા પતિઓ કરતા નથી ઉલટાના સ્પાઉસ કેટેગરીના વિઝા જ વિદેશની એમ્બેસીમાં રદ કરાવી દે છે જેથી પત્ની વિદેશ ના આવે અને એક સમયે પહોંચી પણ જાય તો ત્યાંના કાયદા પ્રમાણે પત્ની પરાણે પતિ સાથે રહી શકતી નથી તેનો લાભ લે છે અને ઘરમાં પણ ઘુસવા દેતા નથી.

મહિલા અને બાળ કલ્યાણ કાયદા મંત્રાલય અને વિદેશ મંત્રાલય આ ત્રણેય મંત્રાલય દ્વારા એકસુત્રતામાં આખો મુસદ્દો તૈયાર થાય તો જ પીડીતાને ન્યાય મળી શકે જો લુક આઉટ નોટીસનો વિદેશ મંત્રાલય દ્વારા અમલ ના થાય તો આખી પ્રક્રિયાનો કોઈ સીધો અર્થ સરે તેમ નથી.

આવા એનઆરઆઈ પાસપોર્ટ પણ સરકાર દ્વારા રદ બાતલ ઠરાવવાની દરખાસ્ત ચાલી રહી છે જેથી તે અન્ય એરપોર્ટથી અન્ય દેશમાં થઈ પરત ના જાય. આ માટે ઈન્ટ્રોગેટેડ નોડલ એજન્સી (આઈએનએ) ગયા મહિને એક વિદેશી પતિનો પાસપોર્ટ આવા કેસમાં રદબાતલ ઠરાવવા ભલામણ કરેલ છે. અત્યાર સુધી માત્ર ભારતમાં છ કેસોમાં લુક આઉટ નોટીસ જારી કરવામાં આવી છે જેમાં પતિના પાસપોર્ટને રદબાતલ ઠરાવવા ભલામણ કરવામાં આવી છે જેમાં આ પ્રથમ મામલો સામે આવ્યો છે જોઈએ હવે પીડીતાને કોર્ટમાં શું ન્યાય મળે છે? જેના વિકલ્પ ઉપર આવનાર કેસોનું ભવિષ્ય છે.

આવનાર સમય ડીઝીટલ છે ઈનટરનેટ ઉપર કાયદાકિય નોટીસ, સમન્સ મોકલી શકાય છે. કોર્ટ તે માન્ય રાખે છે. ઝડપી કેસોના નિકાલ માટે ઈસમન્સની નવી જોગવાઈ કાયદા મંત્રાલયે સ્વીકારી છે આ જ પ્રકારે ઈસમન્સ નોટીસ એનઆરઆઈ પતિ માટે કાયદેસર કરવામાં આવતા આવનાર સમયમાં ફેમીલી કોર્ટના કેસોના ભારણમાં મોટો ઘટાડો થવા પામશે તે નિવેદિત હક્કિત છે.

તાજેતરમાં મુંબઈ હાઈકોર્ટે વોટસઅપ દ્વારા મોકલેલ સમન્સ બજવણીને માન્ય ગણી હતી અને નાગરિક પ્રક્રીયા સંહિતા હુકમ ૧૧ નિયમ ૨૨ મુજબ નોટીસને કાયદેસર ગણી હતી આવા વોટસઅપ નોટીસ બજયા પછી પ્રતિવાદી કે સામાવાળાનું પોસ્ટલ એડ્રેસ બીજી મુદ્દતમાં કોર્ટમાં રજુ કરવાથી વોરંટ પણ ઈસ્યુ થઈ શકશે. ૧૯૮૪ થી ફેમીલી કોર્ટ એકટ અમલમાં લાવી જીલ્લાવાર ફેમીલી કોર્ટની સ્થાપના લગ્ન સંબંધી દાવાઓ પ્રશ્નોના નિરાકરણ માટે સ્થાપવામાં આવી છે જેમાં છુટાછેડાના દાવા, લગ્ન હકક પુનઃ સ્થાપના માટેના દાવા ન્યાઈક વિયોજન માટેના દાવા, પતિ પત્નીના દાવા, વાલીપણા માટેની અરજી, સગીરોના કબજા મેળવવાની અરજી, પતિ અથવા પત્ની સામે મનાઈ હુકમના દાવા કોઈ વ્યક્તિની અનૈરક્ષતાના સ્થાપનાનો ઉદ્દેશ માટેની અરજીના ત્વરીત નિવારણ માટે ફેમીલી કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે પરંતુ એનઆરઆઈ ના કેસમાં સમન્સ નોટીસની બજવણી ના થતા ફેમીલી કોર્ટની કાર્યરીતી ઉપર સીધી અરસ થાય છે. પારિવારીક અદાલતો એ દિવાની કોર્ટ જેટલું જડ વલણ અખત્યાર કરતી નથી સમાધાનના બેઝ ઉપર કામ કરે છે.

અનુસંધાન પાના નં ૭ પર

જયાં સુધી મારામાં પ્રાણ છે, બળ છે, ત્યાં સુધી હું તત્ત્વજ્ઞાન શીખવવાનું ચૂકીશ નહીં : સોક્રેટિસ

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

મૃત્યુ પામેં તે પહેલાં -

હું મૃત્યુ પામું તે પહેલાં મારે મારી જાતને પૂરેપૂરો ઉપયોગ કરી લેવો છે. હું જેટલું વધુ કામ કરીશ એટલો વધારે હું જીવીશ. મારે માટે જીવન 'ટૂંકી મીણબત્તી' નથી, એક ભવ્ય મશાલ છે, જે પળભર માટે મારા હાથમાં આવી છે અને ભવિષ્યની પ્રજાને તે સોંપી દેતાં શક્ય તેટલા તેજથી મારે એને પ્રજ્વલિત કરવી છે.

- જ્યોર્જ બર્નાર્ડ શૉ

આજના આ સમયમાં જેની પાસે સત્તા અને સંપત્તિ છે તેને માન મળે છે એવું આપણે જોઈ રહ્યા છીએ. પણ ખરેખર જો જોવા જઈએ તો સત્તા, સંપત્તિ કે પછી કેવળ જ્ઞાન કે વિદ્યા પણ સન્માનનીય ન જ ગણાય. દુનિયાદારીનું સંપૂર્ણ જ્ઞાન હોવું કે ભાગ્યના જોરે જ નસીબવાન હોવાનું પણ સન્માનપાત્ર નથી. સન્માનનીય કે સન્માનપાત્ર વ્યક્તિ એ ખરેખર પૂરેપૂરાં બળ, આવડત અને દિલથી મજૂરી કરતો મજૂર છે. એક મજૂર સાધન, ઓજાર વગેરેની મદદથી એટલો મચી પડે કે તેના હાથપગ, આંગળા, સ્નાયુઓ અને રગેરગ તેના કામમાં એકાગ્ર બનેલા હોય છે.

સન્માનાર્હ હું બીજો ગણું છું બુદ્ધિમાન, બુદ્ધિસજ્જ, બુદ્ધિને વાપરી જાણનાર, ખેડનાર, પદોડનાર, નિચોવનાર, મથનાર, વલોવનાર, માથું ભમી ભમી ઘુમ્મ થઈ જાય, ફાટી પડતું લાગે, મૂર્છિત થઈ જાય, ત્યાં લગી ખેદો ન છોડનાર મનન-પરાયણ નરને. કોદાળી, પાવડો, હળ, દંડાતી વગેરે જેમ મજૂરનાં ઓજાર છે તેમ વિદ્યા, શાસ્ત્ર, ઈતિહાસ, અનુભવ, અવલોકન, ભાવના અને સ્વપ્નાંની સાતે સાક્ષાત વિરાટનો આખો ચરખો, વિચારક માણસનાં સાધનસામગ્રીય છે, ઓજાર-હથિયારે છે. એણે માણસજાતની નબળાઈઓને પણ શોધવાની તથા પરામર્શવાની છે. એણે અસ્પર્શ્ય અને અપવિત્રને, સડાને, રોગને પણ તપાસવા-ચૂંથવાના છે. માણસોમાં સન્માનાર્હ જેટલો મજૂર છે તેટલો વિચારક છે, જેટલો વિચારક છે તેટલો મજૂર છે. વિચારકને કશું અપ્રસ્તુત નથી, સિદ્ધ નથી, કશું અસાધ્ય નથી. વિચારકને કોઈ પરમ ગુરુ નથી, વિચારક કોઈનું ગુરુપદ ચાહતો નથી. ગુરુપદ સમર્પવા આવે તેવાને સાફ કહી દે છે : ભાઈઓ, તમે પોતે પોતાના ગુરુ બનવા સમર્થ છો. નાના-મોટા સૌ સ્વતંત્ર વિચારક બની પોતાપોતાના ગજા, અનુભવ, સંજોગો, સાથીઓ પ્રમાણે વિચારપ્રવૃત્તિમાં ધાયે જાય, એટલું જ તે તો વાંછે.

●●●

ભારત સરકારના ઉદ્યોગખાતાના એક કાળે સફળ પ્રધાન હતા તે ડી.એ. પાઈએ નાનપણમાં એક જયોતિષશાસ્ત્રીને પોતાનાં માતાજીને એવું કહેતાં સાંભળ્યા કે, આ છોકરો મેટ્રિકથી આગળ અભ્યાસ નહિ કરી શકે અને જીવનમાં સફળતા નહિ મેળવી શકે. તે દિવસ સુધી એ કિશોર આળસુ હતો, સવારો મોડો ઊઠે અને લેસન કરવામાં પાછો પડે. પણ આ વાત સાંભળીને રાતોરાત તેણે નિર્ણય કરી લીધો કે, આ જયોતિષીને ખોટા પાડવા. બીજા દિવસથી સવારે પાંચ વાગે ઊઠીને તેને બધું લેસન બરાબર કરવા માંડ્યું ને ઈતરવાચન માટે પણ સમય કાઢ્યો. વખત જતાં એ સિન્ડિકેટ બેંકના મેનેજિંગ ડિરેકટર બન્યા, ઈંદિરા ગાંધીની સરકારમાં પ્રધાનપદ મેળવ્યું.

●●●

મહાન લખાણ અને રોચક લખાણમાં ફરક છે. રોચક લખાણ શબ્દો જોડે રમતાં આવડે એવી કુદરતી બક્ષિસનું પરિણામ હોઈ શકે છે. જયારે મહાન લખાણ ઉદ્‌ભવે છે એકાગ્રતામાંથી. વિન્સ્ટન ચર્ચિલ જયાં સુધી વિચારને અનુરૂપ યોગ્ય શબ્દો ન મળે, ત્યાં સુદી પોતાના લખાણને મઠારવાની મહેનત કર્યા જ કરતા. પિકાસો ઘડીભરમાં શ્રેષ્ઠ કલાકૃતિ તૈયાર કરી શકતા; પરંતુ એ સરળ દેખાતી રેખાઓ પાછળ કલાકો અને મહિનાઓનો મહાવરો હતો.

●●●

બીજાઓ કરતાં પોતાને ચઢિયાતા બનાવવાની હરિફાઈમાં ઊતરવાને બદલે પોતાને પોતાની જાત કરતાં વધુ ઉત્કૃષ્ટ બનાવવી, તેમાં શ્રેષ્ઠતા રહેલી છે. આપણે બધા નૉબેલ ઈનામ ન જીતી શકીએ, પણ એટલું તો જરૂર કરી શકીએ કે કોઈ પણ વસ્તુને ગઈકાલ કરતાં આજે વધુ સારી રીતે કરીએ, અને આવતીકાલે તેથી પણ વધુ સારી રીતે કરવાની ઉમ્મીદ રાખીએ.

Last Seen :

જો તમે મને એમ કહેશો કે, તમને એક શરતે છોડી શકીએ અને તે એ કે તમારે કયારેય, કશા માટે, કોઈ પણ પ્રકારની ચર્ચાવિચારણા ન કરવી, ઊંડા ઊતરી કશાનો તાગ મેળવવાનો પ્રયત્ન ન કરવો - આવી શરત પર તમે મને માફ કરવાના હો, તો મારો જવાબ છે : 'જયાં સુધી મારામાં પ્રાણ છે, બળ છે, ત્યાં સુધી હું તત્ત્વજ્ઞાન શીખવવાનું ચૂકીશ નહીં; જેને મળીશ તેને બોધ આપીશ.'

- સોક્રેટિસ

- nehalgadhavi101@gmail.com

ચૂંટણીપૂર્વે નાક દબાવવાની કવાયતમાં બાવળિયા ફાવી ગયા

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

રાજકારણમાં આજનું મહત્ત્વ હોય છેઃ આજના સંજોગોમાં જેટલું મહત્ત્વનું સ્થાન કે હોદ્દો મળ્યો એ સાચો, ભવિષ્યના તમામ વાયદા ખોટા. લોકસભાની આગામી ચૂંટણી ૨૦૧૮માં આવે કે ૨૦૧૯માં, એ ચૂંટણી જીતવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે દેશભરમાં તો જે બાંધછોડો કરવી પડે એ તો સમજયા; પણ ઘરઆંગણે ગુજરાતના ભડકા ઓલવવા માટે પણ ભારે જહેમત કરવી પડે છે.પોતીકા ત્રણ ધારાસભ્યોએ પ્રધાનપદા માટે નારાજગીનો દાવ ખેલી જોયો.પાસો એવો ઉલટો પડ્યો કે સામે પક્ષેથી પાંચ-પાંચ

- હવે મુખ્યમંત્રી રૂપાણી કુલ માત્ર છ વ્યક્તિને જ મંત્રી,રાજ્ય મંત્રી કે સંસદીય સચિવ બનાવી શકે
- ઑફિસ ઑફ પ્રૉફિટે ધારાસભ્યોને બૉર્ડ-નિગમના ચૅરમૅનપદે નિયુક્ત કરવાનું સાવ અશક્ય બનાવ્યું
- સંબંધિત અસંતુષ્ટ ધારાસભ્યો સામેના ફોજદારી ખટલાનો સળવળાટ થતાં અમુક સમય શાંતિ વર્તાશે
- મોદી-શાહની જોડી પોતીકા ઉત્તર ગુજરાતમાં ઈજ્જત બચાવવા ઠાકોર સેના સાથે નક્કી બાજી માંડશે

મુદતથી ધારાસભ્ય અને પૂર્વ સાંસદ રહેલા જસદણના ભણેલા ગણેલા કોળી આગેવાન કુંવરજી બાવળિયાને સવારે પક્ષમાં લીધા અને સાંજ પહેલાં તો કૅબિનેટ મંત્રી બનાવી દેવાયા.પેલા વડોદરા જિલ્લાના ત્રણ ધારાસભ્યોમાંના બોલકા પૂર્વ મંત્રી મધુ શ્રીવાસ્તવે તો મંદિરે જઈ મંજીરા વગાડવાની તૈયારી ય કરી લીધી. ભાજપમાં પ્રવેશવા માટે હજુ બીજા કેટલાક ધારાસભ્યો બારણે ટકોરા મારી રહ્યા છે અથવા કેટલાકને માટે ગાજર લટકાવાઈ રહ્યાં છે એટલે અસંતુષ્ટો સાનમાં સમજી જાય એવા સંકેતો જરૂર મળે છે.લોકસભાની ચૂંટણી પહેલાં પટેલોની નારાજગી ખાળવાની ભાજપની કવાયત સાથેજ ઓબીસી વોટબૅંક મજબૂત કરવા માટે હજુ પણ કૉંગ્રેસના કેટલાક કોળી અને ઠાકોર ધારાસભ્યો ભાજપ સાથે ઘર માંડશે.ભાજપના નેતાઓ પણ ખાનગીમાં કબૂલે છે કે ગુજરાતની તમામ ૨૬ બેઠકો આગામી લોકસભા ચૂંટણીમાં મળવી મુશ્કેલ છે.

જરૂરી નથી કે ધારાસભ્યો જ મંત્રી બને

મુખ્ય પ્રધાન વિજય રૂપાણી સર્વમિત્રની છબિ ભલે ધરાવતા હોય, એમના નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ છાસવારે વંકાયા કરે છે. અસંતુષ્ટોને મોવડીમંડળના મળેલા સંકેતો જોતાં હવે એ પણ જરા વધુ હરખપદુડા દેખાય છે,પણ એમની આ છેલ્લી ટર્મ હોવાનું તેમણે સ્વીકારી લીધું લાગે છે. વિપક્ષ કૉંગ્રેસની અવસ્થા તો નબળી ગાયને બગાઈઓ ઝાઝી જેવી છે, પણ હવે તો શિસ્તબદ્ધ ગણાતા ભાજપમાં પણ નીતિનભાઈને પગલે પગલે રૂસણે બેસનારા ધારાસભ્યોની સંખ્યા ઓછી નથી.ચિંતા માત્ર પતી જવાની જ સતાવે છે.ચૂંટણી આવે ત્યાં લગી રાહ જોઈને સોગઠી મારવાના વેત છે. ગુજરાત વિધાનસભાના કુલ ધારાસભ્યો ૧૮૨ છે. એમાંથી ૧૫ ટકાને જ પ્રધાનપદાં કે સંસદીય સચિવના હોદ્દા આપી શકાય. અત્યાર લગી ભાજપના કુલ ૯૯ સભ્યોમાંથી ૨૦ જણાને કેબિનેટ પ્રધાન અને રાજ્યકક્ષાના પ્રધાન બનાવાયા છે.વિધાનસભામાંથી રાજીનામું આપનારા બાવળિયા આવ્યા એવા જ મંત્રી બન્યા. છ મહિનામાં એમને ધારાસભામાં ચૂંટાવું પડે.બાવળિયા પક્ષપ્રવેશ ટાણે બોલ્યા કે હું કૉંગ્રેસને કારણે નહીં,મારા પોતીકા કારણે જ ચૂંટાતો હતો. હવે એ એવું નહીં કહી શકે કે ભાજપમાં હું મારે કારણે ચૂંટણી જીત્યો છું. વળી, એમનાં દીકરી ભાવનાબહેને વટાણા વેરી નાંખ્યા કે મારા પિતાને વિપક્ષના નેતા, જાહેર હિસાબ સમિતિનું અધ્યક્ષપદ કે પ્રદેશ કૉંગ્રેસનું અધ્યક્ષપદ અપાયું નહીં એટલે એમણે પક્ષ છોડ્યો. ભાજપમાં એમની વાણીને કેટલી સ્વતંત્રતા મળશે, એના સંકેત શરૂઆતમાં જ મળ્યા છે.

હવે માંડ છ ધારાસભ્યોને પ્રધાનમંડળમાં સમાવી શકાય. વર્તમાન ધારાસભાના એક સભ્ય એ વિધાનસભાના અધ્યક્ષ છે અને મંત્રી કક્ષામાં છે. ત્રણ ભાજપી ધારાસભ્યોને દંડક તરીકે મંત્રી કે રાજ્ય મંત્રી કક્ષાના લાભ મળે છે.જોકે હજુ એક હોદ્દો નાયબ અધ્યક્ષનો આપી શકાય છે. અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ અને દંડકને પેલા ૧૫ ટકામાં ગણાતા નથી.વિરોધપક્ષના નેતાને મંત્રી સમકક્ષ ગણવામાં આવે છે, પણ સત્તારૂઢ ભાજપે પોતાના દંડક માટે રાજ્ય મંત્રી સમકક્ષ વ્યવસ્થા કરી ત્યારે ઘોરતી રહેલી કૉંગ્રેસ પોતાના દંડક માટે એ વ્યવસ્થા કરાવી શકી નથી.વર્તમાન સંજોગોમાં મુખ્યમંત્રી હવે માત્ર છ ભાજપી ધારાસભ્યો કે બાવળિયાની જેમ કૉંગ્રેસમાંથી આવીને સીધા મંત્રી થઈ શકે એવા માત્ર છ જણને જ મંત્રીમંડળમાં સમાવી શકે છે. કોઈને મંત્રી,રાજ્ય મંત્રી કે સંસદીય સચિવનું પદ આપી શકાય,પણ હવે માત્ર છ જ હોદ્દા છે. સર્વોચ્ચ અદાલતના સંસદીય સચિવો અંગેના ચૂકાદા પછી માત્ર કેજરીવાલની દિલ્હી સરકાર જ નહીં, તમામ રાજ્ય સરકારો માટે મુશ્કેલી સર્જાઈ છે. હા,રાજ્યમંત્રી સમકક્ષ બૉર્ડ કે નિગમના ચૅરમૅનપદની લહાણી કરી શકે,પણ એમાં કાર્યકરો સંતુષ્ટ થવા કરતાં અસંતુષ્ટ થવાની શક્યતા વધુ રહે.

રાજ્ય સરકારનાં ૮૦થી વધુ બૉર્ડ-નિગમોમાં ધારાસભ્યોને સ્થાન આપવાનું અશક્ય બને કારણ એ ઑફિસ ઑફ પ્રૉફિટના હોદ્દા બનતાં ગેરલાયક ઠરે. વળી બૉર્ડ-નિગમો અને સરકારની ઉચ્ચ સમિતિઓમાં થઈને ૧૨૦૦ જેટલા કાર્યકરોને સમાવી શકાય, પણ મુખ્ય પ્રધાનપદે નરેન્દ્ર મોદી હતા ત્યારથી મોટા ભાગનાં બૉર્ડ-નિગમ અધિકારીઓ થકી ચલાવાય છે. લોકસભા ચૂંટણી આડે માંડ એકાદ વર્ષ પણ રહ્યું નથી, ત્યાં મંત્રીપદ કે પ્રધાનપદ માટે લટકાવી રાખેલાં ગાજર અસંતોષના નવા ભડકા કરે તેમ છે. મુખ્ય પ્રધાન રૂપાણીના સદનસીબે કેન્દ્રમાં ભાજપ સત્તારૂઢ છે. જોકે, વડા પ્રધાન મોદીનાં નિષ્ઠાવંત આનંદીબહેન પટેલે મુખ્ય પ્રધાનપદ છોડવું પડ્યું હતું એ તાજા જ ઘટનાક્રમને યાદ રાખવો પડે તેમ છે.

નારાજ ધારાસભ્યોએ પલ્ટી મારી

વડોદરા જિલ્લાના કોઈ ધારાસભ્યને પ્રધાનમંડળમાં સ્થાન મળ્યું નથી. છેલ્લે છેલ્લે ઉત્તર પ્રદેશીય બ્રાહ્મણ ગોત્રના રાજેન્દ્ર ત્રિવેદીને વિધાનસભાના અધ્યક્ષ બનાવાયા એટલે અસંતોષનો ઉકળાટ શમી જશે, એવી અપેક્ષા હતી. બન્યું એનાથી સાવ ઊલટું. છ-છ ટર્મથી માંજલપુરના ભાજપના ધારાસભ્ય એવા મૂળ સંજય ગાંધીના નિષ્ઠાવંત મનાતા યોગેશ પટેલને પ્રધાનપદું નહીં અપાયું. અગાઉ શંકરસિંહ વાઘેલાના બળવામાં સાથ આપીને પ્રધાનપદાનો સ્વાદ ચાખી ચૂકેલા વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે તો બગાવતી સૂર પ્રગટ કરીને ગઈ ડિસેમ્બર ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ટિકિટ આપવા વિવશ કર્યો હતો. અગાઉ